જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૩/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૫૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૨૨	૫	૧૧૩૨૭	૧૭૪૪૨	૫	૧૭૪૪૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૦૩૧૭	૨૧૪	૩૦૫૩૧	૩૧૬૮૭	૨૨૨	૩૧૯૦૯
કુલ		૪૬૪૧૪	૨૧૯	૪૬૬૩૩	૫૫૬૩૫	૨૨૭	૫૫૮૬૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૩	૧૦,૮૬,૩૮૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૯૩	૬,૯૩,૦૦૦/-

સટ્ટા બેટીંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઝોન-૨

બી.સી.સી.આઇ અને અમદાવાદ પોલીસ દ્વારા નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં રમાતી મેચ દરમ્યાન શોધી કાઢવામા આવેલ સટ્ટા બેટિંગની ગેંગ

તા:-૨૦/૦૩/૨૦૨૧ ના રોજ અમદાવાદના મોટેરા ખાતેના નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં રમાતી ભારત અને ઇંગ્લેન્ડ ટી-૨૦ મેચ દરમ્યાન BCCI ના ધ્યાન પર આવેલ કે સ્ટેડીયમની અંદર પોડીયમ માં આવેલ પીલર નં:-૧૨૦-૧૨૧ ની ઉપર આવેલ અપર બાઉલના ભાગે બે ઈસમો ફોન પર સતત સંદિગ્ધ રીતે વાતચીત કરી રહેલ છે, જે આધારે BCCI તથા સંયુક્ત પોલીસ કમીશ્નરશ્રી,સેક્ટર-૧,અમદાવાદ શહેરનાઓ તથા ડી.સી.પી ઝોન-૨ અમદાવાદ શહેરનાઓ દ્વારા બે ઇસમો નામે ૧) પ્રીંસ સુનીલકુમાર ગંભીર ઉં:-૨૧ ,રહે ૨૩૪૯ ન્યુ હાઉસીંગ બોર્ડ કોલોની, NHBC, સનોલી રોડ ,પાનીપત, હરિયાણા ૨) આશિષ બિરેન્દર યાદવ ઉં:-૨૬ ,રહે ૭-ગલીવાડા, ગામ:-મુસેપુર,જી- રેવાડી, હરિયાણાનાઓને પકડી પાડી પૂછપરછ તપાસ કરતા આ બન્ને ઇસમો ક્રિકેટ સટ્ટો રમવા માટે ટીવી પર લાઈવ પ્રસારણ કેટલીક સેકન્ડો ડેલેયડ આવતુ હોઈ પોતાની સાથે આવેલ હોટલ પર રોકાયેલ અન્ય ઈસમોને ફોન ઉપર લાઈવ કોમેન્ટ્રી આપતા હોવાનું જણાઈ આવેલ તથા તેઓની ઝડતી તપાસ કરતા તેઓ બન્ને પાસેથી GCA નો વેન્ડરપાસ અને મોબાઈલ ફોન મળી આવેલ, જે વેન્ડરપાસ પર પાસ ધારકના નામ શુભમ પ્રજાપતિ અને શિવમ પ્રજાપતિ લખેલા હતા, જ્યારે પર પાસ ધારકના ફોટોગ્રાફની જગ્યાએ ઉપરોક્ત પકડાયેલ ઈસમોના ફોટો ચોંટાડેલ હતા તેમજ પકડાયેલ બન્ને ઈસમો પાસેથી મળી આવેલ મોબાઈલ ફોન ચેક કરતા ક્રિકેટ સટ્ટાની diamondexch.com, www.skyexchange.com, juaexch.com વગેરે જેવી વેબસાઈટ પર લોગીન કરી સટ્ટો રમતા હોવાનું જાણાઈ આવતા આ બન્ને ઈસમો વિરૂધ્ધ ચાંદખેડા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર ખાતે જુગાર ધારા કલમ ૪,૫ હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવેલ. જે હકીકત ધ્યાને આવતા GCA તથા BCCI દ્વારા આ પ્રકારની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ અટકાવવા માટે આ ગુન્હાના મૂળ સુધી પહોંચી ત્વરિત અને પરિણામલક્ષી તપાસ કરવા સારૂ આમદાવાદ પોલીસ સાથે ચર્ચા કરેલ.

જે બાદ પકડાયેલ બન્ને ઈસમોની પૂછપરછ તપાસ કરતા જાણવા મળેલ કે, પ્રીંસ સુનીલકુમાર ગંભીર તેની સાથે આવેલ હોટલમાં રોકાયેલ ઈસમો સુમિત રમેશ કુમાર બારેજા તથા જતીન બજાજનાઓને ગ્રાઉન્ડ પરથી લાઈવ કોમેન્ટ્રી આપતો હતો. જે બાબતની તપાસ કરતા સુમિત બારેજા મળી આવેલ. ત્યારબાદ સુમિત બારેજાની ઝડતી તપાસ કરતા તેની પાસેથી મોબાઈલ ફોન તેમજ લેપટોપ મળી આવેલ, જે લેપટોપ તપાસતા તેમાં diamondexch.com, જે R R ના નામે ઓળખાય છે, તેના માસ્ટર આઈડી તથા ક્લાયન્ટ આઈડી મળી આવેલ. જેથી આ બાબતે સુમિત બારેજાની પૂછપરછ કરતા જાણવા મળેલ કે ક્રિકેટ મેચના ગ્રાઉન્ડ અને ટીવી

પ્રસારણમાં કેટલીક સેકન્ડોનો તફાવત રહેતો હોઈ, ગ્રાઉન્ડ પર પોતાનો માણસ બેસાડી ગ્રાઉન્ડ પરથી લાઈવ કોમેન્ટ્રી મેળવી સટ્ટામાં સીધો નાણાકીય ફાયદો મેળવી શકાય. પરંતુ, કોવીડ-૧૯ પેન્ડેમીકને કારણે બાકીની ત્રણ ક્રિકેટ મેચ પ્રેક્ષકો વગર રમાવનાર હોઈ ક્રિકેટ મેચની ગ્રાઉન્ડ કોમેન્ટ્રી મેળવવા સારૂ પોતાના માણસ પ્રીંસ સુનીલકુમાર ગંભીરને ક્રિકેટ સ્ટેડીયમમાં કોઈપણ ખોટી રીતે પ્રવેશ મેળવવો જરૂરી હોઈ પ્રીંસ સુનીલકુમાર ગંભીરનાએ ક્રિકેટ સ્ટેડીયમ ખાતે જઈ ખોટી રીતે GCAનો વેન્ડરપાસ મેળવવાનોપ્રયત્ન કરેલ, જે તેને મનીષકુમાર નામનો માણસ મળેલ, જેણે પ્રીંસ સુનીલકુમાર ગંભીરનાને શુભમ પ્રજાપતિ નામ ના માણસનો વેન્ડરપાસ લાવી આપી શુભમ પ્રજાપતિના ફોટોની જગ્યાએ પ્રીંસ સુનીલકુમાર ગંભીરનો ફોટો લગાવી ક્રિકેટ સ્ટેડીયમમાં એન્ટ્રી અપાવેલ.

આ જ રીતે મનીષકુમારના એ પકડાયેલ ઈસમ આશિષ બિરેન્દર યાદવનાને શિવમ પ્રજાપતિ નામના માણસનો વેન્ડરપાસ લાવી આપી શિવમ પ્રજાપતિના ફોટોની જગ્યાએ આશિષ બિરેન્દર યાદવનો ફોટો લગાવી ક્રિકેટ સ્ટેડીયમમાં એન્ટ્રી અપાવેલ. આ આશિષ બિરેન્દર યાદવ તેની સાથે આવેલ અને હોટલમાં રોકાયેલ રોકી સુભાષચંદ્ર યાદવ, સંજીવકુમાર ચાવસિંહ, સચ્ચિદાનંદ સુરેન્દ્રસિંહનાઓને ગ્રાઉન્ડ પરથી લાઈવ કોમેન્ટ્રી આપતો હતો. જે હકીકત ધ્યાને આવતા આ ગુન્હાહિત કાવતરામાં સંડોવાયેલ તમામ ઈસમો વિરૂધ્ધ ચાંદખેડા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર ખાતે I.P.C. કલમ ૪૧૯, ૪૫૧,૪૬૫,૧૨૦(B) હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવેલ, જે ગુન્હામાં ૧) પ્રીંસ સુનીલકુમાર ગંભીર, ૨) આશિષ બિરેન્દર યાદવનાઓની ધરપકડ કરવામાં આવેલ છે, જેઓ હાલમાં પોલીસ કસ્ટડી રીમાન્ડ પર છે.

આ ઉપરાંત ઉપરોક્ત ગુન્હાહિત કાવતરામાં સંડોવાયેલ અન્ય ઈસમો સુમિત રમેશ કુમાર બારેજા, રહે. પાનીપત, હરિયાણા, જતીન સુનિલ બજાજ, રહે. પાનીપત, હરિયાણા તથા રોકી સુભાષચંદ્ર યાદવ, સંજીવકુમાર ચાવસિંહ,રહે,રેવાડી, હરિયાણા તથા સચ્ચિદાનંદ સુરેન્દ્રસિંહ, રહે. આરા, ભોજપુર, બિહાર તથા ઓનલાઈન આઈડી આપનાર R.R ના નામે ઓળખાતી diamondexch.com તથા અન્ય વેબસાઈટો ના નામ ખૂલવા પામેલ છે.

તપાસ દરમ્યાન R.R ના નામે ઓળખાતી diamondexch.com, www.skyexchange.com, juaexch.com, satfair.com, earthbetz.com વગેરે જેવી વેબસાઈટના માસ્ટર આઈડી તથા ક્લાયન્ટ આઈડી મળી આવેલ હોઈ, જેથી પકડાયેલ આરોપીઓ તથા અન્ય ઈસમોની ક્રિકેટ સટ્ટાની ઉપરોક્ત વેબસાઈટ સાથે સીધી સાઠગાંઠ છે કે કેમ તેની તપાસ ચાલુ છે.

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઈસનપુર પોલીસ સ્ટેશન

જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સારૂ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ સાહેબની સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના અ.હે.કો કિશનભાઇ ભીખાભાઇ નાઓ સ્ટાફના માણસોની સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા ઇસનપુર ચામુંડાનગર વિભાગ-૨ ના નાકે આવતા સાથેના અ.પો.કો દશરથભાઇ પરસોત્તમભાઇ તથા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મનભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી હકિકત આધારે ચામુંડાનગર વિભાગ-૨ કાળી તલાવડી તરફ જતા રસ્તા ઉપર જાહેરમા ગંજીપાનાથી પૈસાનો હારજીતનો માંગપત્તાનો જુગાર રમી રમાડતા બે આરોપીઓને કુલ રૂપિયા ૧૧,૫૩૦/- તથા ગંજીપાના નંગ-૫૨ ના મુદ્દામાલ સાથે તા ૨૪/૦૩/૨૦૨૧ ના કલાક ૧૭/૩૦ વાગે પકડી પાડી ઇસનપુર પો.સ્ટેશન ગુના નં પાર્ટ-B-૧૧૧૯૧૦૨૨૧૦૫૨૯/૨૦૨૧ જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામા આવેલ છે તા.૦૮/૦૩/૨૦૨૧

પકડાયેલ આરોપીઓ

(૧) ભાણજીભાઇ ગાંડાભાઇ રાઠોડ ઉ.વ ૪૫ રહે, ચામુંડાનગર વિભાગ-૨ ના કાચા છાપરામા કાળી તલાવડી પાસે ઇસનપુર અમદાવાદ શહેર

(૨) યજ્ઞેશ માંગીલાલ પરમાર ઉ.વ ૩૪ રહે, મ.નં ૪૦/૨ સાકળચંદ મુખીની ચાલી (ઉટવાળી ચાલી) લીલાધર હોલ પાસે બહેરામપુરા અમદાવાદ શહેર

કબ્જે કરેલ મુદ્દામાલ

(૧) રોકડા નાંણા રૂપિયા ૧૧,૫૩૦/-

(૨) ગંજીપાના નંગ-૫૨ કિંમત રૂપિયા ૦૦/૦૦

પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

માધવપુરા પોલીસ સ્ટેશન (૧)

૧૨૦ દેશીદારૂ કિ રૂ ૨૪૦૦/- જથ્થા સાથે આરોપીઓને પકડી પાડતી માધવપુરા સર્વેલન્સ સ્કોર્ડ

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા ના.પો.કમિ. શ્રી ઝોન-૨ વિજયકુમાર પટેલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "એલ" ડિવિઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ માધવપુરા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર શ્રી જે બી ખાંભલા સાહેબની સુચનાથી હાલમા ચાલી રહેલ પ્રોહીબીશન ડ્રાઇવ અનુસંધાને સર્વેલન્સ સ્કોર્ડના એ એસ આઇ હરકેશકુમાર રામશરણ બનં ૩૪૩૭ તથા અહેકો વખતસસિંહ વાઘસિંહ બ.ન.૬૫૪૬ તથા અહેકો સંજયસિંહ ભકિતસિંહ બનં ૪૮૬૧ તથા અપોકો બળવંતસિંહ ધિરૂજી બનં ૯૫૩૮ તથા અપોકો વિજયકુમાર કિશોરભાઇ બનં ૮૮૮૩ તથા અપોકો નરેશકુમાર બચુભાઇ બનં ૯૫૩૮ તથા અલોર જયદિપસિંહ વિક્રમસિંહ બ.નં.૧૨૩૫ તથા અલોર વિજયસિંહ વિક્રમસિંહ બ.નં.૫૧૦૫ તથા અવુલોર ભુમીકાબેન વલ્લભભાઇ બનં ૧૧૧૮૯ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો સ્ટે વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમ્યાન સાથેના અલોર જયદિપસિંહ વિક્રમસિંહ બ.નં.૧૨૩૫ તથા અલોર વિજયસિંહ વિક્રમસિંહ બ.નં.૫૧૦૫ નાઓની સંયુકત બાતમી આધારે લાખાજી કુંવરજી ચાલીની અંદર જાહેર શૌચાલય પાસે જાહેરમા વગર પાસ પરમીટે ૧૨૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૨૪૦૦/- ના જથ્થા સાથે આરોપીઓ નં (૧) સુનીતા ઉર્ફે સુન્ની વા/ઓ દિનેશભાઇ દંતાણી ઉ.વ. ૪૦ રહે લાખાજી કુંવરજીની ચાલી મહેંદીકુવા માધુપુરા અમદાવાદ શહેર+૧=૦૨ નાઓને પકડી ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી),૬૫(ઇ),૮૧ મુજબનો ગુનો શોધી કાઢવામા આવેલ છે અને આગળની તપાસ પો સબ ઇન્સ શ્રી કે આર પટેલ નાઓએ સંભાળેલ છે.

માધવપુરા પોલીસ સ્ટેશન (૨)

૧૩૪ દેશીદારૂ કિ રૂ ૨૬૮૦/- ના જથ્થા સાથે આરોપીઓને પકડી પાડતી માધવપુરા સર્વેલન્સ સ્કોર્ડ

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા ના.પો.કમિ. શ્રી ઝોન-૨ વિજયકુમાર પટેલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "એલ" ડિવિઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ માધવપુરા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર શ્રી જે બી ખાંભલા સાહેબની સુચનાથી હાલમા ચાલી રહેલ પ્રોહીબીશન ડ્રાઇવ અનુસંધાને સર્વેલન્સ સ્કોર્ડના એ એસ આઇ હરકેશકુમાર રામશરણ બનં ૩૪૩૭ તથા અહેકો વખતસસિંહ વાઘસિંહ બ.ન.૬૫૪૬ તથા અલોર ચિરાગ સતિષકુમાર બન ૪૫૬ તથા અલોર જયદિપસિંહ વિક્રમસિંહ બ.નં.૧૨૩૫ તથા અલોર વિજયસિંહ વિક્રમસિંહ બ.નં.૫૧૦૫ તથા અવુલોર અંજુબેન નવિનચંદ્ર બનં ૬૬૩૦ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો સ્ટે વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમ્યાન સાથેના અલોર જયદિપસિંહ વિક્રમસિંહ બ.નં.૧૨૩૫ તથા અલોર વિજયસિંહ વિક્રમસિંહ બ.નં.૫૧૦૫ નાઓની સંયુકત બાતમી આધારે શાહીબાગ મુસાસુહા કબ્રસ્તાન પાસે જાહેર રોડ ઉપર ઓટોરિક્ષા બજાજ છકો ગ્રીન જેનો R.T.O. નં GJ 01 DT 8471 મા વગર પાસ પરમીટે ૧૩૪ લીટર દેશીદારૂ કિ રૂ ૨૬૮૦/- ના જથ્થા સાથે આરોપીઓ નં (૧) અબ્દુલરહીમ બીરામ શેખ ઉવ ૫૫ રહે ઘર નં બી/૩૪ સંજર પાર્ક ૩ નવરંગ સ્કુલની પાછળ દાણીલીમડા અમદાવાદ શહેર+૩=૦૪ નાઓને પકડી ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી),૬૫(ઇ),૯૮(૨),૮૧ મુજબનો ગુનો શોધી કાઢવામા આવેલ છે અને આગળની તપાસ પો સબ ઇન્સ શ્રી વી જે ચાવડા નાઓએ સંભાળેલ છે.

નારોલ પોલીસ સ્ટેશન

ચાર ઈસમો બે ફોરવ્હીલ ગાડી તથા બે મો.સા. માં ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થો સગેવગે કરતા હોવાની બાતમી હકિકત આધારે રેડ દરમ્યાન એક ઈસમને વિદેશીદારૂના જથ્થા તથા ચાર વાહનો મળી કુલ્લે કિ.રૂ.૬,૩૩,૩૫૦/- સાથે પકડી વિદેશી દારૂનો કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજય ગાંધીનગરનાઓએ આગામી હોળી ધુળેટીના તહેવાર અનુસંધાને રાજયમાં દારૂ/જુગારની ગે.કા.પ્રવૃતિ અંકુશમાં લેવાના ઉદ્દેશથી તા.૨૨.૦૩.૨૦૨૧ થી તા.૦૧.૦૪.૨૦૨૧ સુધી દારૂ-જુગારની પ્રવૃતિ રોકવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનુ આયોજન કરી સુચના કરેલ હોય જે અનુસંધાને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " ડીવીજન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર બંધ કરાવવા સારૂ સર્વેલન્સ સ્કોડના માણસોને સુચના આપેલ હોય જે આધારે આજરોજ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા વુ.પો.કો.માયાબેન ભગવાનદાસ બ.નં.૪૬૦૮ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો.હરદીપસિંહ વિજયસિંહ તથા વુ.પો.કો.માયાબેન ભગવાનદાસ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે " નારોલ ભાગવત એલીગન્સ ફલેટના પાર્કિંગમાં કેટલાક ઈસમો ભેગા મળી બે ફોરવ્હીલ ગાડીઓમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી લાવી હેરાફેરી સગેવગે કરે છે. જેમાં એક મહિન્દ્રા XUV કંપનીની ફોરવ્હીલ ગાડી નંબર પ્લેટ વગરની છે. અને બીજી સેવરોલેટ કંપનીની ફોરવ્હીલ ગાડીનો નં.GJ.05.JE.3789 નો છે. " જે આધારે રેડ કરતાં આરોપી નલીન ઉર્ફે નયન કાંતિભાઈ જાતે સોલંકી ઉ.વ.૨૧ ધંધો.વેપાર રહે.મ.નં.બી.૧૦૧ આકૃતિ ટાઉનશીપ વિભાગ-૦૧ નંદનવન હાઈટસની બાજુમાં નારોલ અમદાવાદ શહેરને ભારતીય બનાવટના વિદેશીદારૂની અલગ અલગ બ્રાન્ડની ૭૫૦ મીલીની કાચની સીલબંધ બોટલ નંગ-૪૨ ની કુલ્લે કિ.રૂ.૧૮૮૫૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૪ કુલ્લે કિ.રૂ.૨૪૫૦૦/- તથા મહિન્દ્રા કંપનીની XUV ફોરવ્હીલ ગાડીની કિ.રૂ.૩૦૦૦૦૦/- તથા સેવરોલેટ કંપનીની ફોરવ્હીલ ગાડીની કિ.રૂ.૧૫૦૦૦૦/- તથા બજાજ કંપનીના પલ્સર મો.સા.ની કિ.રૂ.૮૦૦૦૦/- તથા સુઝુકી કંપનીના એકસેસ ટુ વ્હીલરની કિ.રૂ.૬૦૦૦૦/- તથા ચાવી નંગ-૦૨ ની કિ.રૂ.૦૦/૦૦ ગણી તમામની કુલ્લે

કિ.રૂ.૬૩૩૩૫૦/– ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવેલ અને વિદેશીદારૂનો જથ્થો મંગાવી લાવી આપનાર નહી પકડાયેલ આરોપીઓ વનરાજસિંહ ઘનશ્યામસિંહ રાઠોડ રહે.ભાગવત એલીગન્સ નારોલ અમદાવાદ મો.નં.૯૬૮૭૮૦૩૩૩૩, ૯૬૦૧૯૯૯૯૪૮ તથા હિરેન પ્રવિણકુમાર પ્રજાપતિ રહે.આકૃતિ ટાઉનશીપ નારોલ અમદાવાદ શહેર મો.નં.૮૫૧૧૩૮૬૯૧૯ નાએ મંગાવેલ અને લક્ષ્મણ હિરાલાલ ચૌધરી રહે.આદિત્ય હાઈટસ નારોલ અમદાવાદ મો.નં.૮૧૬૦૦૧૭૨૧૪ તથા તપાસમાં મળી આવે તે વિગેરે વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૦૨૪૫/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ) ૬૬(બી) ૧૧૬(બી) ૮૧ ૯૮(૨´ મુજબ ગુનો રજીસ્ટર કરી વિદેશીદારુનો કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૨૫/૦૩/૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૬૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૭ કેસ કરી, ૭૬ વ્યક્તિઓને ઝડપી, ૭૪૯ લીટર દેશી દારૂ, ૩૫૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન, ૨ કાર, ૨ રિક્ષા, ૨ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૬૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૬૨/૨૦૨૧**

સેટેલાઈટઃ મહેશભાઇ ભગવાનદાસ ઠાકોર (ઉ.વ.૪૮) (રહે. ફાલગુન ટેનામેન્ટ જોધપુર ગામ રોડ સેટેલાઇટ) એ તા.૨૫/૦૩/૨૦૨૧ ના રોજ સેટેલાઈટ **પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે** તા.૦૧/૦૭/૨૦૨૦ થી તા.૦૭/૦૭/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) રૂષીકુમાર વિશ્વનાથ શાસ્ત્રી (૨) જયશ્રીબહેન રૂષીકુમાર શાસ્ત્રી (૩) ચીનમય રૂષીકુમાર શાસ્ત્રી (તમામ રહે. ઇ/૧ મહાબળેશ્વર એપાર્ટમેન્ટ રાઠી હોસ્પિટલ સામે જોધપુર ગામ રોડ જોધપુર) અને (૪) વિક્રમકુમાર બાલચંન્દ્ર વ્યાસ (રહે. બાહ્મણવાસ પુસ્તાકલય પાસે કરણનગર કડી જી.મહેસાણા) એ ભેગા મળી જોધપુર રાઠી હોસ્પિટલ સામે આવેલ મહાબળેશ્વર એપાર્ટમેન્ટમા GTPL બ્રોડબેન્ડની ઓફીસ ખાતે પોતાનુ મકાન કિમત રૂપિયા ૨૦,૭૫,૦૦૦/- માં વેચાણ આપવાનુ કહી વિશ્વાસમાં લઈ મકાન વેચાણ પેટે રૂપિયા ૨૦,૭૫,૦૦૦/- મેળવી લઈ મકાન વેચાણ નહી આપી તેમજ નાણા પણ પરત નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.રવીયા ચલાવે છે.

શાહીબાગઃ બનાસકાંઠા તા-સુઈગામ શિવનગર ગામ-સુઈગામ થી અમદાવાદ સીવીલ હોસ્પીટલ ખાતે પત્નીની સારવાર કરાવવા આવેલ ખોડાજી રઘનાથજી રાજપુત (ઉ.વ.૬૦) ને તા.૨૫/૦૩/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે સિવિલ હોસ્પિટલ એએમટીએસ બસ સ્ટેન્ડ પાસે બે પુરૂષોએ ખોડાજી રાજપુતને ક્યાંથી આવો છો ? કયા કામથી આવ્યા છો ? તેવી પુછપરછ કરી ખોડાજી રાજપુતને પૈસા મંતરી આપવાની વાત કરી ખોડાજી રાજપુત પાસેથી રૂપિયા ૬૦,૦૦૦/- કઢાવી, તે પૈસા સફેદ કાગળમાં ઘડી વાળીને યુક્તિ-પ્રયુક્તિ કરી બીજુ કોરા કાગળોનું પડીકું આપી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ અંગેની ફરીયાદ ખોડાજી રાજપુતએ શાહીબાગ **પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે**. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

ખોખરાઃ દક્ષેશભાઇ જીતેન્દ્રભાઇ ગોહીલ (ઉ.વ.૩૫) (રહે. શિવદર્શન સોસાયટી સી.ટી.એમ. ચાર રસ્તા પાસે ખોખરા) એ તા.૨૫/૦૩/૨૦૨૧ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૯/૨૦૨૦ ના રોજ ખોખરા હાટકેશ્વર રોડ સી.ટી.એમ રાષ્ટ્રભારતી સ્કુલની બાજુમા રામરથ એસ્ટેટ પોતાની દુકાન ખાતેથી આરોપી (૧) હીમાંશુભાઇ સુરસિંહ યાદવ અને (૨) સુરસિંહ યાદવ (બન્ને રહે. ફ્લેટ નં.૩૦૧ રેઇન બો સીટી મોટા મૌવા કાલાવાડ રોડ રાજકોટ) તથા (૩) કૃતીબહેન પરમાર (જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગા મળી જીન્સના પેન્ટના માલનો ઓર્ડર કરી કિમત રૂપિયા ૧,૫૯,૯૩૬/- માલ રાજકોટ લઈ જઈ આજદીન સુધી નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૫૬૩/૨૦૨૧**

ઓઢવઃ નીમેશભાઇ જીતેન્દ્રભાઇ કઠવાડીયા (રહે. રિધ્ધી રેસીડેન્સી વેદવિહાર બંગ્લોઝ પાસે નિકોલ-નરોડા રોડ નિકોલ) એ તા.૨૫/૦૩/૨૦૨૧ ના રોજ **ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે** તા.૨૩/૦૩/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ વિરાટનગર રોડ સીમા પાર્ક પાસે આવેલ ગાયત્રી પાર્ક સોસાયટી પાસે આવેલ એસ.બી.આઇ બેન્કના એટીએમ મશીનના શટર તોડી આશરે ૭,૦૦૦/- રૂપિયાનુ નુકશાન કરી બે પુરૂષ એટીએમ મશીનમાંથી રૂપિયા ૩૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.મકવાણા ચલાવે છે.

મંદિરની દાનપેટીમાંથી ચોરીઃ- **સમાચાર યાદી નં.૫૬૪/૨૦૨૧**

ચાંદખેડાઃ મહાવિરસિહ સુખદેવસિહ ઝાલા (રહે. સત્યા એપાર્ટમેનટ અપેક્ષા ફ્લેટ સામે સાંઈબાબાના મંદિર પાસે ઘાટલોડિયા) તા.૨૫/૦૩/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૩/૨૦૨૧ કલાક ૯/૪૫ વાગ્યા પહેલા ચાંદખેડા સેવીસ્વરાજ ફેઝ-૨ ના કંપાઉન્ડમા આવેલ સર્વેશ્વર મહાદેવ મંદિરના પરિસરમા મુકેલ દાનપેટી તોડી અજાણી વ્યક્તિ દાન પેટીમાંથી રોકડ નાણાં અંદાજીત ૨૫,૦૦૦/- થી ૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૫૬૫/૨૦૨૧**

"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ સુરજકુમાર વિનુજી ઠાકોર (રહે.શંકરપુરા પ્રતાપપુરા તા.કલોલ જીલ્લો ગાંધીનગર) એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૩/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે સરખેજ એસ.પી રીંગ રોડ પાંચ તળાવના નાકા નજીકથી ટ્રેકટર ચલાવી પોતાના ભાઈ હરતનજી વિનુજી ઠાકોર (ઉ.વ.૩૨) સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રેઈલર નંબર આરજે ૨૭ જીડી ૪૫૦૭ ના ચાલકે ટ્રેઈલર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટ્રેકટરને ટક્કર મારતા ટ્રેકટર પલ્ટી ખાઈ જતા સુરજકુમારના ભાઈ હરતનજીને ગંભીર ઈજાઓ થતા તેમનું સ્થળ ઉપર જ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એન.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૬૬/૨૦૨૧**

ચાંદખેડાઃ પ્રિયંકાબહેન વા/ઓ અર્પિત ગામી (ઉ.વ.૨૭) (રહે. વૃંદાવન ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૩/૨૦૨૧ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે દસમાં માળે પોતાના રહેણાંકના બેડરૂમમાંથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હર્દીક લાભશંકર ચલાવે છે.

ઓઢવઃ ક્રિષ્ણાભાઈ સખારામ શીવતરકર (ઉ.વ.૪૨) (રહે. મારૂતિનગર વિશાલનગરની બાજુમાં ઓઢવ રીંગરોડ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૩/૨૦૨૧ કલાક ૪/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.મકવાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી